
# બાળકોનાં રંગલાલા

## ભાગ-૧



લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# પ્રાર્થના અને બાળકો

પ્રભુના પયગંબરો !

તમને બધાંને જોઈને મને ખૂબ જ આનંદ થયો છે. હું ઘણી વાર કહું છું કે જૂના જમાનાની માફક પરમાત્મા જો મને કહે કે 'માગ, માગ, માગે તે આપું' તો હું પ્રભુ પાસે બીજુ કાંઈ ન માગું અને એટલું જ કહું કે મને બાળક બનાવી દો. મારા માણસોને પણ હું ઘણી વાર આ જ કહું છું. મારી તબિયતને લીધે કેટલાક ચિંતા વગેરે કરે અને અનેક ઉપાયો કહે તો હું કહું છું કે તમો બધા મારો બહિષ્કાર કરો અને નાનાં બાળકો-દશ-બાર વર્ષનાં મારી પાસે છ મહિના મૂકો તો મને લાગે છે કે દશ વર્ષ હું વધારે જુવાન થઉં. આ કાંઈ તમને ઠીક લગાડવા કહેતો નથી.

બાલ્યાવસ્થા એ પ્રભુની મોટામાં મોટી બક્ષિસ છે અને જીવનનો પાયો નાંખવાનો ઉત્તમ સમય છે.

જિંદગીના પહેલા ભાગની અંદર એટલે કે બાલ્યાવસ્થાની અંદર જે વિદ્યા સંપાદન કરી-વિદ્યા એટલે એકલું જ્ઞાન જ નહિ પણ સારા સંસ્કારો. વિકાસનો પાયો એ વિદ્યા ઉપર છે, સારા સંસ્કાર ઉપર છે અને એ જો સારા નંખાયલા હશે તો આગળનું જીવન સુખી જવાનું છે.

**પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ**

(ઝાંબિયા, ૧૯૬૭)

ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ ।
ૐ શ્રી વાસુદેવાનંદાય નમઃ ।
ૐ શ્રી રંગાવધૂતાય નમઃ ।

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

# બાળકોનાં રંગદાદા



લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

| | | |
|---|---|---|
| મુદ્રક | : | અંબિકા પ્રિન્ટર્સ<br>અમદાવાદ.<br>(૦૭૯-૨૫૪૫૩૯૦૪) |
| ગ્રાફિક્સ | : | શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય<br>'રાહ-રંગપ્રેમની'<br>આણંદ- ૩૮૮ ૦૦૧.<br>(૦૨૬૯૨-૨૪૯૪૫૫) |
| પ્રકાશક | : | પ્રેમજયંતી સમિતિ,<br>અમદાવાદ.<br>મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬. |
| આવૃત્તિ | : | પ્રથમ.<br>શ્રાવણ વદ પાંચમ,<br>રવિવાર, તા. ૧૩-૮-૨૦૦૬.<br>(પ.પ. સ્વામી મહારાજની ૧૫૩મી જયંતી) |
| પ્રત | : | ૧૦૦૦. |


**પ્રેમ અમૃતવર્ષ**

**પાંચ રૂપિયા**

# આશીર્વચન

દેશ-પરદેશમાં રંગપરિવાર વિસ્તરતો જાય છે ત્યારે આ રંગભક્તિ અને જીવન ઘડતરના સંસ્કારો નાના બાળકોમાં પણ ઉતરે એ ખૂબ જ જરૂરી છે. ભાવિ પેઢીના તેઓ પ્રહરી છે. પૂ.શ્રી માટે ઘણું ઘણું લખાયું છે પણ એનો લાભ મોટી ઉંમરની વ્યક્તિઓ જ લઈ શકે એમ છે. નાના બાળકને વાંચવું ગમે એવી શૈલી અને એના મનમાં સારા સંસ્કાર પડે એવા પ્રસંગોને માવજતપૂર્વક રજુ કરવાની ઘણી જરૂરિયાત છે. એ સંજોગોમાં પૂ.શ્રીના જીવનના પચ્ચીસ પ્રસંગોને રજુ કરતી બાલ ભોગ્ય શૈલીની આ પુસ્તિકા-શ્રેણી બાળકોને ગમશે એવી શ્રદ્ધા છે.

આ પ્રસંગો મહદંશે શ્રી રંગલીલામૃત પર જ આધારિત રહેશે એટલે એને 'બાળકો માટેનું રંગલીલામૃત' કહીએ તો પણ ખોટું નથી. પચ્ચીસ પ્રસંગોની એક એવી અનેક પુસ્તિકાઓ- શ્રેણી- નું આયોજન છે.

શ્રી કુલીનભાઈના આ પ્રયાસને ગુરુમહારાજના આશીર્વાદ હો ! એમના આશીર્વાદમાં જ મારા આશીર્વાદ નથી શું?

લિ.

અમેરિકા,

ૐ

તા. ૩-૮-૨૦૦૬.

પ્રેમ

# આવકાર

'બાળકોના રંગદાદા' પુસ્તિકા શ્રેણીનું આ પહેલું પુસ્તક ગુરુ મહારાજના ચરણે સમર્પણ હો! આ પુસ્તિકાને આવકારતાં હું ઊંડા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

જૈફવયે પહોંચેલાને કથા મંડપમાં જોઉં ત્યારે કોક વાર એમ થાય કે થનગનતા યુવાનો ક્યારે કથા મંડપમાં આવશે? આ અભિપ્સાને સાકાર કરવામાં આ પુસ્તક શ્રેણી મહત્ત્વનો ભાગ ભજવશે એવી હૃદયની શ્રદ્ધા છે.

બાળકોને કેળવવા માટે મા-બાપે જાતને કેળવવાની રહે છે. બાળકોને પૂ. રંગ અવધૂત બાપજીની વાતો જાણવા મળે અને એમના મનમાં સંસ્કારોનું સિંચન થાય એ રીતે જાણવા મળે એ જરૂરી છે અને એ જવાબદારી ભર્યું પગલું ભરવા માટે હું મુ. કુલીનભાઈને હૃદયથી ધન્યવાદ આપું છું.

ભવિષ્યમાં આ પુસ્તિકા સચિત્ર થાય એવો મનોરથ પણ સેવું છું. ભગવાન દત્તાત્રેયે તો બાળકને પણ ગુરુપદે સ્થાપ્યો છે. ત્યારે આપણે માટે તો બાળકોના સંસ્કાર સિંચનનું કાર્ય અતિ મહત્ત્વનું બની જાય છે.

પ.પૂ.શ્રી બાપજીની અને પૂ. પ્રેમ અવધૂતજીની એમના પર અપાર કૃપા છે એનું આ ફળ છે. આ કૃપા ઉત્તરોત્તર વધતી રહે એવી પ્રાર્થના સહ ગુરુદેવ દત્ત. મને આવકાર લખી આપવા અંગેના એમના ભાવને આવકારું છું.

તિલકવાડા. — લિ.
તા. ૩-૮-૨૦૦૬. — વિરંચિ પાઠક

## લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઇ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઇચ્છા જાગી. એમાં બાળકોના મોટા એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઇ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઇ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!


લિ.

**કુલીન ઉપાધ્યાય.**

અમદાવાદ

તા. ૪-૮-૨૦૦૬.

(૯૮૨૪૫૦૪૨૦૬)

# ≪ બાળકોના રંગદાદા ≫

સાંભળો રે સાંભળો,
બાલુડાં સૌ સાંભળો.
કાન દઈને સાંભળો,
ધ્યાન દઈને સાંભળો.
પ્રેમ થકી સાંભળો,
નેમ થકી સાંભળો.
વાર્તા કહું છું રંગની,
રંગના સત્સંગની.
પડી ગઈ છે રાતડી,
સાંભળો મીઠી વાતડી.
વાતડી તો એવી મીઠી,
જાણે ગોળપાપડી.
વાત સાંભળો થઈને ભેળાં,
વાત સાંભળો ઘેલાં ઘેલાં.
વાત સાંભળી સૂઈ જજો,
સવારે વહેલા ઊઠી જજો.
ચાલો ત્યારે શરૂ કરું,
રંગદાદાનું સ્મરણ કરું.
વાત કરું છું ઝટ, ઝટ,
બોલો સૌએ ગુરુદેવ દત્ત.

છોકરાં રે !

ઓ રે !

ગાડી આવી !

શું શું લાવી?

જાતજાતની, ભાતભાતની વાતોલાવી!
રંગદાદાની સાચી સાચી વાતો લાવી.
જ્ઞાન વધારે, પ્રેમ વધારે,
ખમીર વધારે, ખુમારી લાવે,
સાચા રસ્તે પગ મૂકાવે.
મોટા થઈને મોટા થાજો,
દેશ-દેવ ને સમાજ માટે દોડી જાજો.
માગવા કરતાં મરવું સારું,
બીજા માટે જીવવું સારું.
ચાલો ત્યારે બેસી જાવ,
વાત કરું તે સાંભળતા જાવ.
અવધૂત ચિંતન કરતા જાવ,
ગુરુદેવ દત્ત વદતા જાવ.

●

# (૧)
# 《 પરિચય 》

આપણા રંગદાદાનું મૂળ નામ પાંડુરંગ.
એમના પિતાનું નામ વિઠ્ઠલ.
એમની માતાનું નામ રુકમામ્બા.
એમના નાના ભાઈનું નામ નારાયણ.
એમની અટક વળામે.
એટલે એમનું નામ થયું:
પાંડુરંગ વિઠ્ઠલ વળામે.
પાંડુરંગનો જન્મ ગુજરાત રાજ્યના ગોધરા ગામમાં થયો.
સંવત ૧૯૫૫નો કારતક મહિનો.
કારતક મહિનાની સુદી નોમ.
વાર સોમવાર અને સાંજનો પ્રદોષ સમય.
તારીખ ૨૧મી નવેમ્બર, ૧૮૯૮.
આ દિવસે પાંડુરંગનો જન્મ થયો.
આ કારતક સુદ નોમને 'કૃતયુગ તિથિ' પણ કહેવામાં આવે છે.
કૃતયુગ તિથિ એટલે શું? ખબર છે?
આ તિથિથી સત્ય(કૃત)યુગની શરૂઆત થયેલી.

જન્મતિથિ જ કેવી સરસ!

પછી રંગદાદા પણ સરસ જ હોય ને!

પાંડુરંગના દાદા  જયરામ વળામે.

મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના દેવળે ગામમાં રહે.

જયરામ વળામેના એક મિત્ર.

નામ એનું સરપોતદાર.

ગોધરામાં રહે.

ગોધરામાં વિઠ્ઠલનાથજીનું મંદિર સંભાળે.

આ મંદિર માટે સારા પૂજાધિકારીને શોધે.

સરપોતદાર એક વાર દેવળે આવ્યા.

મિત્રને વાત કરી અને વિઠ્ઠલ વળામેને ગોધરા લાવ્યા.

ગોધરાના વિઠ્ઠલ મંદિરના પૂજાધિકારી તરીકે રાખ્યા.

એટલે આપણા રંગદાદા-પાંડુરંગ આમ મહારાષ્ટ્રીયન પણ,

ગોધરામાં જન્મ્યા તેથી ગુજરાતનું રત્ન ગણાયા.

●

## (૨)

## ⟪ રામ મંત્ર મળ્યો ⟫

પાંડુરંગ ખૂબ જ નાના.

ઉંમર માત્ર દોઢ વર્ષની.

ઘરના ઓટલે વિઠ્ઠલજી બેસે.

આપણા પાંડુરંગ પિતાના ખોળામાં બેસે.

ખોળામાં બેઠા બેઠા બધું જુએ.

જોતાં જાય અને પ્રશ્નો પૂછતાં જાય.

એક દિવસ એક મરેલા માણસની નનામી ઉંચકીને લોકો જતા હતા.

પાછળ પાછળ બીજા લોકો રડતા હતાં.

બધાને રડતાં જોયાં એટલે પાંડુરંગે પિતાને પૂછ્યું: આ બધા કેમ રડે છે?

પિતાએ કહ્યું કે પેલા ભાઇ મરી ગયા તેથી.

પાંડુરંગે પૂછ્યું કે પેલા મરેલા માણસનું શું કરશે?

'એને બાળી દેશે' પિતાએ કહ્યું.

'એમને બાળી દે તો દાઝે નહિ?' પાંડુરંગે પૂછ્યું.

પિતાએ કહ્યું કે 'માણસ મરી જાય એટલે બાળીએ તો પણ નહિ દાઝે.'

આમ ઓટલે બેઠેલા પાંડુરંગે બે-ત્રણ વાર આવું જોયું અને પૂછ્યા કર્યું.

પછી છેલ્લે પૂછી દીધું કે: 'હેં બાપુજી! આ મરણથી બચી ન શકાય?'

પિતાએ કહ્યું કે બચી શકાયને બેટા!

'કેવી રીતે?' પાંડુરંગે પૂછ્યું.

પિતાએ કહ્યું કે રામ-રામ કરવાથી.

બસ! આપણા પાંડુરંગને રામ નામનો મંત્ર મળી ગયો.

એમનું મન રામ રામ રટવા લાગ્યું.

●

## (૩)

## 《 લાંઘણ હજો, પણ માગણ ન હજો 》

ગોધરા ગામનું વિઠ્ઠલ મંદિર.

પાંડુરંગના પિતા ભગવાન વિઠ્ઠલની પૂજા કરે.

પાંડુરંગ બે વર્ષના થયાં ત્યાં નારાયણભાઈનો જન્મ થયો.

પાંડુરંગ પાંચ વર્ષના થયાં ત્યાં પિતાનું મૃત્યુ થયું.

પાંડુરંગનું પિતાનું શિરછત્ર જતું રહ્યું.

હવે માતા રૂકિમણી બધું સંભાળે.

આર્થિક સ્થિતિ સામાન્ય.

નાના બાળકોને મા ઉછેરતાં.

હિંમતથી મુશ્કેલીનો સામનો કરતાં.

એક વાર ઘરમાં શાક મળે નહિ.

માતાને થયું કે બાળકો ભાખરી શાની સાથે ખાશે?

એવામાં પડોશમાં રહેતાં બહેન કામસર આવ્યાં.

એમને ખબર પડી કે આજે ઘરમાં શાક થયું નથી.

બાળકો એકલી ભાખરી ખાશે.
પોતાના ઘરે જઇ એ બહેન થોડાં રીંગણા લઈ આવ્યાં.
માતાના હાથમાં મૂક્યાં.
માતાએ આનાકાની કરી અને લેવાની ના કહી તો પણ પડોશણ બેન માન્યા નહિ.
પાંડુરંગ જમવા બેઠાં.
એમનું હુલામણું નામ બાબુ.
મા એમને બાબુ કહીને બોલાવતા.
માતાએ ભાખરી શાક મૂક્યાં.
પાંડુરંગ શાક જોઈને નવાઈ પામ્યાં.
શાક ક્યાંથી આવ્યું? કોણ લાવ્યું?
માતાએ બનેલી વાત કહી.
પાંડુરંગને આ ગમ્યું નહિ.
એમણે માતાને કહ્યું :
'મા! તમે ભૂલતા નહીં કે તમે સિંહનાં મા છો.
યાદ રાખજો કે માગવું ને મરવું બંને સરખાં છે.
ભૂખ્યા રહીશું- લાંઘણ કરીશું પણ માગણ તો નહિ જ બનીએ.'

# (૪)

## 《 'પોથી વાંચ'નો આદેશ 》

આપણા પાંડુરંગ છ વર્ષના થયાં.
નાના પણ બુદ્ધિશાળી ઘણાં.
નાનપણથી જ ભગવાનની વાતો સાંભળે.
સૂતા સૂતા પણ ભગવાનના જ વિચારો કરે.
ભગવાનનાં વિચારો કરતાં કરતાં જ સૂઇ જાય.
સૂતી વખતે ભગવાનને યાદ કરીએ તો સારી ઊંઘ આવે.
એક દિવસ સ્વપ્ન આવ્યું.
મીઠું મઝાનું સપનું.
સ્વપ્નમાં કોઇ એમને કહેતું હતું કે :
"પોથી વાંચ. પોથી વાંચ."
પાંડુરંગ સવારે ઊઠ્યા.
સ્વપ્નાની વાત ભૂલી નો'તા ગયા.
કોઇને કહે નહિ પણ વિચાર્યા કરે કે "પોથી વાંચ" એવું કોણે કહ્યું હશે?
આ પોથી એટલે શું? પોથીમાં શું હોય?

પોથી ક્યાંથી મળે?

બસ! આ સ્વપ્નમાં થયેલા આદેશને એમણે જતન કરીને જાળવી રાખ્યો.

બધા સ્વપ્ના નકામા નથી હોતાં.

વહેલી પરોઢનાં સ્વપ્ના તો ખૂબ સૂચક હોય છે.

નાના પાંડુરંગના મનમાંથી 'પોથી' જતી નથી.

•

## (૫)

## 《 'પોથી' મળી 》

સાચા દિલની પ્રાર્થના ભગવાન સાંભળે છે.

નાના બાળકની પ્રાર્થના તો ભગવાન તરત સાંભળે.

નાના બાળક તો નિર્દોષ હોય.

સાચું બોલતા હોય.

પ્રામાણિક હોય તેથી.

રોજ રાત્રે સૂતી વખતે પ્રાર્થના કરો.

પાંડુરંગની પ્રાર્થના પણ પ્રભુએ સાંભળી.
પાંડુરંગના એક મામા હતા.
મામાની અટક મોંઘે.
બધા મોંઘેમામા કહે.
પાંડુરંગના માતા મોંઘેમામાના બહેન થાય.
એક વાર બહેનને મળવા મોંઘેમામા આવ્યા.
ભાઈ અને બહેન. ઘણા વખતે મળ્યા.
સુખ-દુઃખની વાતો કરે.
એવામાં મોંઘેમામાએ બહેનને કહ્યું કે એક પ્રશ્ન છે.
બહેને પૂછ્યું : શું પ્રશ્ન છે? શું મૂંઝવણ છે?
મામા બોલ્યા કે બહેન! મારી નોકરી એવી કે ગમે ત્યારે જવું પડે.
પાછા આવવાનું ઠેકાણું નહિ.
એટલે આ 'પોથી'નો નિયમ પ્રમાણે પાઠ કરવામાં મુશ્કેલી પડે છે.
એમ થાય છે કે આ પોથી કોઈને આપી દઉં.
આપણા પાંડુરંગ આ વાત સાંભળી ગયા.
એમને 'પોથી વાંચ' એવી સ્વપ્નાની વાત યાદ આવી.

પાંડુરંગે મામાને કહ્યું કે મામા!

એ પોથી મને આપો.

મામાએ કહ્યું કે તું હજી નાનો છે અને પોથીના નિયમો અઘરા છે.

પાંડુરંગે મામાને વચન આપ્યું.

શું વચન?

તમે કહેશો તે બધા જ નિયમો પાળીશ.

મામાને સંતોષ થયો.

માતાએ પણ પોથી આપવાની ભલામણ કરી.

પ્રભુકૃપાથી પાંડુરંગને પોથી મળી ગઇ.

પ્રાર્થનાથી આશીર્વાદ મળે.

**Prayers go up, Blessings Come down.**

●

## (૬)

# «'પોથી' વિશેની વાત»

પોથી એટલે શું?
છૂટા પાનાવાળું ધર્મનું પુસ્તક.
પાનાની લંબાઇ વધારે.
પહોળાઇ ઓછી હોય એને 'પોથી' તરીકે ઓળખવામાં આવે.
મહારાષ્ટ્ર એ ભક્તિનો પ્રદેશ.
મહારાષ્ટ્રીયનના આરાધ્ય દેવ બે.
એક ગણપતિ અને બીજા દત્તાત્રેય.
અત્રિ-અનસૂયાના પુત્ર તે દત્તાત્રેય.
ઇ.સ. ૧૫૦૦ની આસપાસ મહારાષ્ટ્રમાં દત્તના અવતાર એવા બે સંતો થયાં.
એકનું નામ શ્રીપાદશ્રીવલ્લભ.
બીજાનું નામ શ્રીમન્ નૃસિંહસરસ્વતી.
શ્રીપાદશ્રીવલ્લભ જ શ્રીનૃસિંહસરસ્વતી તરીકે અવતર્યા.
શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીનૃસિંહ સરસ્વતીએ ઘણી લીલા કરી.
એ લીલાનું વર્ણન આ પોથીમાં છે.

આ પોથીનું નામ **શ્રીગુરુચરિત્ર.**

શ્રી નૃસિંહસરસ્વતીનાં ઘણાં ભક્તો હતાં.

એમાં એક હતો સાર્યદેવ.

સાર્યદેવના પૌત્રનો પૌત્ર.

તે ગંગાધર સરસ્વતી.

આ ગંગાધર સરસ્વતીએ આ લીલાનો સંગ્રહ કર્યો.

આ લીલાનું પછી વર્ણન કર્યું.

એ લીલાનું વર્ણન કરતો ગ્રંથ તે શ્રીગુરુચરિત્ર-પાંડુરંગને મળેલી પોથી.

મોંઘેમામાને પોથી કોણે આપી?

મોંઘેમામાને સંતાન ન હતું.

શિરડીના સાંઈબાબાએ તેમને આ પોથી આપી. આશીર્વાદ આપ્યા. પારાયણ કરવા કહ્યું.

મામાએ પારાયણ કર્યાં અને ભગવાને સંતાન પણ આપ્યું.

આમ પાંડુરંગ માટે ભગવાને કેવી વ્યવસ્થા કરી?

દેવનું કામ દેવ કરે છે તે આનું નામ.

## (૭)

## 《 સદ્ગુરુ-મિલન 》

આપણા પાંડુરંગ આઠ વર્ષના થયા.

નાના ભાઈ નારાયણ છ વર્ષના થયા.

મા રુકમામ્બાએ બંનેને યજ્ઞોપવિત આપવાનું વિચાર્યું.

મૂળ વતન દેવળેં આવ્યા.

બંને ભાઈઓને જનોઈ આપી.

પાંડુરંગ અને નારાયણ હવે દ્વિજ બન્યા.

દ્વિજ એટલે બે વાર (દ્વિ) જન્મે (જ) તે.

આમ બે વાર કોણ જન્મે?

એક પક્ષી : પહેલો જન્મ ઈંડુ અને બીજો જન્મ ઈંડુ ફોડીને બચ્ચું બહાર નીકળે તે.

બીજા દાંત: પહેલી વાર દાંત આવે તે દૂધિયા દાંત.

એ એક પછી એક પડી જાય.

બીજી વાર જે દાંત આવે તે કાયમ ટકે.

ત્રીજા બ્રાહ્મણ: પહેલી વાર 'મા'ના ઉદરમાંથી જન્મે.

બીજો જન્મ યજ્ઞોપવિત આપે ત્યારે નવા સંસ્કાર મળે તે નવો જન્મ.

મહારાષ્ટ્રીયનમાં એવી પરંપરા કે આવા શુભ પ્રસંગ પછી બાળકને કોઇ સંતના દર્શને લઇ જાય.

સંતના આશીર્વાદ મેળવે.

વાડીમાં પ.પૂ.સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજ બિરાજમાન હતાં.

રુકમામ્બા બંને બાળકોને ત્યાં લઇ ગયાં.

સ્વામી મહારાજ કોઇને સ્પર્શ કરવા નો'તા દેતાં.

આપણા પાંડુરંગને શું થયું તે સ્વામી મહારાજને જોઈને તેમણે તો દોટ મૂકી.

'મા'એ પકડી લીધો અને અડવાની ના કહી.

સ્વામી મહારાજે પાંડુરંગને પૂછયું: તું કોનો દીકરો? (તુ કોનાચા મુલગા?)

પાંડુરંગે કહી દીધું : તમારો (તુમચા).

બધાએ આ વાત હસી કાઢી.

પણ આપણા પાંડુરંગે તો એમને ગુરુ જ માની લીધા.

આ દર્શન પહેલા હતા અને છેલ્લા હતા.

આ પહેલી વારના દર્શન પછી બીજી વાર સ્વામી મહારાજના દેહના દર્શન થયા નથી.

# (૮)

## 《 વિદ્યા વિનયેન શોભતે । 》

## વિવેકી અને વિનયી વિદ્યાર્થી

આપણા પાંડુરંગ નિશાળમાં ભણે.
ભણવામાં ખૂબ હોશિયાર.
હંમેશાં પહેલો નંબર લાવે.
ભણવામાં હોશિયાર અને સાથે વિનયી પણ ખરા.
નિશાળના નિયમો પાળે.
શિક્ષકનું માન રાખે.
વિદ્યાર્થી માટે તો શિક્ષક દેવ કહેવાય.
એક વાર વર્ગમાં કોઈએ તોફાન કર્યું.
શિક્ષકને એમ થયું કે પાંડુરંગે તોફાન કર્યું છે.
શિક્ષકે એમને શિક્ષા કરી.
શિક્ષકે કહ્યું કે: પાટલી પર ઊભા રહો.
આપણા પાંડુરંગ તો તરત જ પાટલી પર ઊભા થઈ ગયા.
શિક્ષકનો હુકમ માન્યો.
પરંતુ શિક્ષકને કહ્યું કે સાહેબ! મેં તોફાન નથી કર્યું.

તમે મને ખોટી શિક્ષા કરો છો.
શિક્ષકે એમની વાત ન માની.
પાંડુરંગ પાટલી ઉપર શાંતિથી ઊભા છે.
એવામાં ત્યાંથી મુખ્ય શિક્ષક (Head Master) પસાર થયાં.
એમણે પાંડુરંગને પાટલી પર ઊભેલો જોયો.
એમને નવાઈ લાગી.
પાંડુરંગ તો તોફાન કરે જ નહિ.
તરત ઊભા રહ્યા.
પાંડુરંગને પૂછ્યું કે શું થયું?
પાંડુરંગે કહ્યું કે તમે સાહેબને જ પૂછો ને!
શિક્ષકે તો શિક્ષા કરવા ખાતર શિક્ષા કરી દીધી હતી એટલે શું જવાબ આપે.
મુખ્ય શિક્ષકે કહ્યું કે પાંડુરંગ તોફાની છોકરો નથી.
શિક્ષકે એને બેસી જવા કહ્યું.
આવા હતા સત્યવાદી, વિનયી અને આજ્ઞાનું પાલન કરતાં આપણા રંગદાદા-ત્યારનાં પાંડુરંગ.
વિદ્યા વિનયથી શોભે.
વિદ્યા વિનયેન શોભતે ।

(૯)

# ≪ પ્રભુ પ્રેમી પાંડુરંગ ≫

આપણા પાંડુરંગને રામનામનો મંત્ર મળ્યો.

આ મંત્ર એમના પિતા દ્વારા મળ્યો હતો.

પાંડુરંગ સ્કૂલમાં ભણે અને આ મંત્રની માળા પણ કરે.

મોટા કાગળ ઉપર 'રામ-રામ' એમ મંત્ર લખે.

રોજ નિયમિત મંત્ર લખે.

કાગળ મંત્રથી ભરાઈ જાય એટલે શનિવારે હનુમાનજીને અર્પણ કરે.

હનુમાનજી રામના પરમ ભક્ત.

સેવક તરીકે હનુમાનજી શ્રેષ્ઠ.

બુદ્ધિમાં પણ હનુમાનજી શ્રેષ્ઠ.

શારીરિક બળમાં પણ હનુમાનજી શ્રેષ્ઠ.

આવા હનુમાનજીને પાંડુરંગ રામમંત્રનો કાગળ અર્પણ કરે.

હનુમાનજીની ભક્તિથી પાંડુરંગ પણ નિડર બન્યા.

ખોટું કરે તે ડરે.

ખોટું ન કરે તે શું કામ ડરે?

પાંડુરંગે સનાતન ધર્મની પરીક્ષાઓ પણ આપી.

આ પરીક્ષા માટે ઘણા ધર્મગ્રંથો પણ વાંચ્યા.

પાંડુરંગને સંસ્કૃતનું ગૌરવ.

પાંડુરંગને હિન્દુ સંસ્કૃતિનું ગૌરવ.

નિશાળમાં ભણતા ત્યારે પણ નિડર મનના.

કોઈથી ડરે નહિ અને કોઈને ડરાવે નહિ.

કોઈને કોઈ હેરાન કરે તો એની મદદે દોડે.

આવા આપણા પાંડુરંગ સૌને ગમે.

●

# (૧૦)

## ≪ નિર્બલકે બલ રામ ≫

પાંડુરંગ ભણવામાં હોશિયાર.
શિક્ષકોના પ્રિય વિદ્યાર્થી.
નીડર અને તેજસ્વી ખૂબ.
કોઇથી ગભરાય નહિ.
કોઇ નબળાને વગર વાંકે કોઇ હેરાન કરે તો હેરાન ના કરવા દે.
નબળાને સાથ દે. સાચાના પક્ષે ઊભા રહે.
સ્કૂલમાં એમનો એક મિત્ર.
એનું નામ હરિપ્રસાદ.
હરિપ્રસાદ ડાહ્યો પણ બીકણ.
વર્ગમાં એક પૈસાદારનો છોકરો.
એ શ્રીમંતનો છોકરો હરિપ્રસાદને ગભરાવે.
એને ધમકી આપે અને મારી નાંખવાની બીક પણ બતાવે.
હરિપ્રસાદે મિત્ર પાંડુરંગને વાત કરી.
પાંડુરંગે જોયું કે હરિપ્રસાદ ધમકીથી ખૂબ બીધો છે.

પાંડુરંગે હરિપ્રસાદને હિંમત આપી.
કહ્યું કે તું ગભરાતો નહિ. આપણે એને સીધો કરી નાંખશું.
પાંડુરંગે હરિપ્રસાદને પૂછ્યું કે તારા ઘરે તલવાર છે?
હરિપ્રસાદે કહ્યું કે તલવાર તો ક્યાંથી હોય?
પાંડુરંગે કહ્યું કે અરે! લાકડાની હશે તો પણ ચાલશે.
અને હરિપ્રસાદને ઘરમાંથી લાકડાની તલવાર મળી ગઈ.
એક દિવસ એ શ્રીમંત છોકરાએ હરિપ્રસાદને લલકાર્યો.
નદી પર આવ એટલે તને સીધો કરું.
સાંજે નદી કિનારે શ્રીમંતનો છોકરો બધા મિત્રો સાથે બેઠો હતો.
હરિપ્રસાદની રાહ જોતો હતો.
ત્યાં હરિપ્રસાદ સાથે પાંડુરંગ ગયા.
હાથમાં તલવાર.
પાંડુરંગ તલવાર પણ જોશમાં વીંઝે.
એક એવી જોશથી બૂમ મારી કે દુશ્મનો

બીધા અને મૂઠીવાળીને જાય ભાગ્યા-
જાય ભાગ્યા.
હરિપ્રસાદ તો જોઇ જ રહ્યો.
બધાને ભાગતા જોઇને હસી પડ્યો.
રડતાને હસતા કરે પાડુંરંગ.
નબળાની પડખે રહે પાંડુરંગ.

●

## (૧૧)

## ⟪ ટીખળી પાંડુરંગ ⟫

પાંડુરંગ ભણવામાં હોશિયાર.
સમજુ અને વિવેકી.
બધા શિક્ષકોને માન આપે.
પણ કોઇ શિક્ષક અયોગ્ય વર્તન કરે તો
નમ્રતાભરી ટીખળ કરી તેમનું ધ્યાન દોરે.
ખોટું વર્તન કરતાં શિક્ષક પણ સાચું વર્તન
કરતાં થઇ જાય.
પાંડુરંગના એક વર્ગશિક્ષક.

વિદ્યાર્થીઓ પાસે પોતાના અંગત કામ કરાવે.
વર્ગમાંથી વિદ્યાર્થીને કામે મોકલે.
ઘરે જઇ પાણી ભર. બજારમાં જઇ શાકભાજી લાવ.
આપણા પાંડુરંગ તો આજ્ઞાંકિત અને વિનયી.
જે કામ સોંપે તે દિલથી કરે.
શિક્ષક એને વારે વારે કામો સોંપે.
પાંડુરંગને થયું કે આપણે સાહેબ માનીને કામ કરીએ છીએ પણ સાહેબ તો આપણને નોકર ગણીને કામ સોંપતા લાગે છે.
પાંડુરંગ લાગ શોધતા હતા તે મળી ગયો.
શિક્ષકે પાંડુરંગને એક રૂપિયો આપ્યો.
બજારમાં જઇ એક શેર રીંગણ લઇ આવો.
રીંગણ અને વધેલા પૈસા ઘરે આપી આવજો.
પાંડુરંગ તો ઉપડ્યા બજારમાં.
એક વેપારીને પકડ્યો.
કહે કે મને કોથળો ભરી રીંગણ આપો.
પંદર આનાના (૯૦ પૈસાના) રીંગણ આપો.

પણ જુઓ! કેવા રીંગણ આપશો?
સાંભળો. કોથળો ભરી વાસી, કોહ્યલા અને
સડેલા હોય તેવા રીંગણા આપજો.
મજૂર પાસે થેલો ઉચકાવ્યો.
એને ૧૦પૈસા મજૂરી આપી.
પાંડુરંગે તો શિક્ષકના ઘરે જઈ શિક્ષકની
પત્નીને થેલો અપાવી દીધો.
રૂપિયો તો પૂરો થઇ ગયો હતો.
શિક્ષક ઘરે ગયા અને જોયું.
પોતાની ભૂલ સમજી ગયા.
પાંડુરંગની ટીખળ પર હસી પડ્યા.
શિક્ષકને ભૂલ સમજાઇ ગઇ.

●

# (૧૨)

## ⟪ સમય વર્તે સાવધાન ⟫

આપણા પાંડુરંગ શાળામાં ભણે.
શાળામાં કોઈ સારો પ્રસંગ આવ્યો.
ઉજવવાનું નક્કી થયું.
ઉત્સવ મોટો હતો.
મહેમાનો પધારવાના હતા.
કંઈ નવું કરીએ તો?
બધાને આનંદ આનંદ થાય એવું કરીએ.
પાંડુરંગે નક્કી કર્યું કે સંસ્કૃતમાં નાટક કરીએ.
પાંડુરંગ સંસ્કૃતના સારા જાણકાર.
નાટકના મુખ્ય પાત્રમાં પાંડુરંગ.
નાટકની સરસ તૈયારી થઈ.
કાર્યક્રમ શરૂ થયો.
પડદો ઊંચકાયો.
પાંડુરંગ તો મંચ ઉપર આવ્યા.
સંવાદ તો બધા કડકડાટ હતાં.
નાટક જોવા આવેલા બધાને જોયાં.
અને કોણ જાણે શું થયું તે સંવાદ ભૂલી ગયા.

પાંડુરંગે યાદ કરવાનો પ્રયત્ન કર્યો.
ખૂબ યાદ કરે પણ યાદ આવે જ નહિ.
પાંડુરંગ સમજી ગયા.
હવે શું કરવું?
પણ આપણા પાંડુરંગ તો ચબરાક ખૂબ.
હોંશિયાર પણ ઘણા અને બુદ્ધિશાળી પણ બહુ.
જાતે સંવાદ બનાવવા માંડ્યા.
સંસ્કૃતમાં શ્લોકો બનાવવા માંડ્યા.
બીજા પાત્રો જે બોલે તે ધ્યાનમાં રાખી તરત જ સંવાદનો શ્લોક બનાવી દે.
પ્રેક્ષકોને તો કંઈ ખબર જ ના પડી.
પ્રેક્ષકોએ તો તાળીના ગડગડાટથી વધાવી લીધા.
દિગ્દર્શક અને લેખક તો દંગ થઈ ગયા.
પાંડુરંગને શાબાશી આપી.
અભિનંદન આપ્યા.

●

## (૧૩)

## ≪ વેણુવાદક વળામે ≫

પાંડુરંગ ભણવામાં હોશિયાર તેમ કલામાં પણ હોશિયાર.

નાટક કરતાં આવડે.

પાત્ર એવું ભજવે કે જોનાર ખુશ થઇ જાય.

સંગીતનો પણ જબરો શોખ઼.

શાસ્ત્રીય સંગીત ખૂબ ગમે.

શાસ્ત્રીય ગીત ગાય પણ ખરા.

પાંડુરંગનું હુલામણું નામ 'બાબુ'.

વાદ્ય સંગીતના પણ શોખીન.

એમાં વાંસળી વગાડવાનું ખૂબ ગમે.

વાંસળી વગાડે પણ સરસ.

દૂરથી સાંભળનારાં પણ સાંભળ્યા જ કરે.

રોજ વાંસળી વગ઼ાડે.

સાંભળનારનું મન આનંદમાં ડૂબી જાય.

પાંડુરંગના મકાનની સામે એક છોકરી રહે.

આ યુવાન છોકરી રોજ વાંસળી સાંભળે.

વાંસળી સાંભળીને રાજી રાજી થાય.

પાંડુરંગને આ વાતની ખબર નહિ.
છોકરી તો રોજ સવાર પડે ને વાંસળી ક્યારે વાગે તેની રાહ જોતી હોય.
એક દિવસ પાંડુરંગે વાંસળી વગાડી નહિ.
કોઈ કામમાં સમય ના મળ્યો.
સામે રહેતી છોકરી તો રાહ જોતી જ રહી.
આખરે પાંડુરંગના ઘરે આવી ને પૂછ્યું કે આજે વાંસળી કેમ ન વગાડી?
પાંડુરંગને આ ન ગમ્યું.
પોતાનો વાંસળી વગાડવાનો શોખ બીજાને આમ હેરાન પરેશાન કરે તે ઠીક ન કહેવાય.
પાંડુરંગે વાંસળી વગાડવાનું બંધ કર્યું.
વાંસળી જ તોડી નાખી.

●

## (૧૪)

## 《 સાચને નહિ આંચ 》

પાંડુરંગ ગોધરાની શાળામાં ભણે.
હરિપ્રસાદ એમનો જીગરી મિત્ર.
એક દિવસની વાત છે.
સાંજનો સમય છે.
બંને મિત્રો સાંજે ફરવા નીકળ્યા.
હાથમાં હાથ રાખી વાતો કરતા જાય.
ગમ્મત કરતા જાય અને રસ્તો કાપતા જાય.
ત્યાં હરિપ્રસાદે રસ્તામાં એક સોટી જોઇ.
ખૂબ સરસ એ સોટી હતી.
જોતાં જ ગમી જાય એવી સોટી હતી.
સોટી નેતરની હતી પણ એની મૂઠ ચાંદીની હતી.
શું કરશું? હરિપ્રસાદે પૂછ્યું.
પાંડુરંગે કહ્યું: "લઇ લો.
જેની હશે તેને આપી દઇશું.
એ પણ શોધતો તો હશે જ ને?"
હરિપ્રસાદ કહે: રસ્તા પર ભલે પડેલી રહી.

પાંડુરંગ બોલ્યાઃ "આપણે ક્યાં આપણી પાસે રાખવી છે?

હાથમાં રાખશું.

વીંઝતા જાશું અને એનો મૂળ માલિક મળે એટલે આપી દઈશું."

હરિપ્રસાદે સોટી લઈ લીધી.

સોટી વીંઝતા વીંઝતા ચાલ્યા જાય છે.

ત્યાં કલેક્ટર સાહેબનો પટાવાળો મળ્યો.

એ સોટી શોધવા નીકળેલો.

એણે સોટી જોઈ.

એણે ધમકાવતા કહ્યુંઃ સોટીચોર ! ઊભા રહો.

કલેક્ટરની સોટી ચોરી ક્યાં ભાગી જતા હતાં?

બસ! પાંડુરંગનો મિજાજ ગયો.

એણે પટાવાળાને ધમકાવ્યો.

તું કોને ચોર કહે છે? અને કોણ ભાગી જાય છે?

પટાવાળો તો જોશમાં હતો. રોફમાં હતો.

તમારા હાથમાં સોટી છે તેથી તમને જ સોટીચોર કહું છું.

પાંડુરંગે પૂછ્યું કે તને અમે ચોર જેવા દેખાઈએ છીએ?

સોટી ચોરવી હોત તો હાથમાં શું કામ રાખત?

તું સામે આવીને ઊભો રહ્યો તો પણ અમે તો અહીં ઊભા જ છીએ.

ભાગી જાત તો તું શું કરત?

બોલવાનું ભાન રાખો.

ગમે તેમ બોલવાનું બંધ કરો.

તમારી સોટી છે તો લઈ લો.

અમને તો રસ્તામાંથી મળી એટલે લીધી.

માલિક આવે તો આપી દેવાની ગણતરીથી લીધી.

અમે પણ માલિકને શોધતા જ હતાં.

તો યે પટાવાળો તો જોશ જમાવતો જ રહ્યો.

ચાલો કલેકટર સાહેબ પાસે.

એવી શિક્ષા કરાવું કે ચોરવાની ટેવ છૂટી જાય.

ત્રણે જણા આવ્યા.

કલેકટર સાહેબને સોટી મળી ગઈ એટલે રાજી રાજી થઈ ગયા.

પાંડુરંગને અને હરિપ્રસાદને જોયાં.
બંનેનો આભાર માન્યો અને આભારના પ્રતિકરૂપ બંનેના હાથમાં ચાર આના મૂક્યા.
પટાવાળો જોતો જ રહ્યો.
પટાવાળો બિચારો શું બોલે?
પટાવાળાનાં વાણી-વર્તન પટાવાળાં જેવાં જ હોય ને!
વાણી મીઠી અને વિવેકવાળી હોવી જોઈએ.
સાચું કરનારને કોની બીક હોય?

●

# (૧૫)

## 《 ધર્મનિષ્ઠ પાંડુરંગ 》

પાંડુરંગ મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ.
પોતાના ધર્મનું ચુસ્ત પાલન કરે.
સ્વધર્મ અને પરંપરાનું મનમાં ગૌરવ.
જનોઈ ધારણ કરે. તિલક કરે.
મૂંડન કરાવે. ચોટલી રાખે.
હિન્દુધર્મ અને બ્રાહ્મણ જ્ઞાતિનો ગર્વ.
ધર્મ પાલન કરવામાં શરમ નહિ.
પાંડુરંગ ધીરે ધીરે મોટા થતા ગયા.
મેટ્રિકની પરીક્ષા આપવાની તૈયારી થઇ.
પરીક્ષા બે પ્રકારની: લેખિત અને મૌખિક.
મૌખિક પરીક્ષાના સવાલ જવાબ અંગ્રેજીમાં થાય.
પૂછનાર પાછો અંગ્રેજ હોય.
અંગ્રેજ પટપટ અંગ્રેજી બોલે.
પાછા શિસ્તના આગ્રહી હોય.
પાંડુરંગની મૌખિક પરીક્ષા રોબર્ટસન લેવાના હતા.

રોબર્ટસન ગુજરાત કોલેજના પ્રિન્સિપાલ.
સ્વભાવે કડક. શિસ્તના આગ્રહી.
વિદ્યાર્થીઓ એમનાથી ગભરાય.
પાંડુરંગ વિચારે કે ગભરાવવાની જરૂર શું?
પાંડુરંગ તો ટીખળીખોર પણ ખરા.
બોલવામાં તો ખૂબ ચતુર.
મિત્રોએ એને ચેતવણી આપીને કહ્યું કે ગમે તેમ બોલીશ નહિ.
આડી અવળી વાત કરશે તો સાહેબ નાપાસ કરશે.
પાંડુરંગે કહ્યું કે 'દેખા જાયગા.'
જેવા પ્રશ્ન તેવા જવાબ.
જેવું મેદાન તેવો જંગ.
અને પાંડુરંગ તો પરીક્ષા માટે તૈયાર થઈને બેઠા.

●

## (૧૬)

## 《 પાંડુરંગે પરીક્ષા દીધી કે લીધી? 》

મૌખિક પરીક્ષા લેવા રોબર્ટસન આવ્યા.
એક પછી એક નામ બોલાય.
નામ બોલાતા જાય એમ વિદ્યાર્થી અંદર પરીક્ષા માટે જતા જાય.
પી. વી. વળામે- પાંડુરંગ વિઠ્ઠલ વળામે- નામ બોલાયું.
આપણા પાંડુરંગ જવા માટે ઊભા થયા.
મિત્રોએ ચેતવ્યો કે સીધા જવાબ આપજે.
પાંડુરંગ તો અંદર ગયા અને વંદન કર્યા.
કપાળમાં તિલક. ખભે જનોઈ.
માથે ચોટલી. મુંડન કરાવેલું માથું.
ગળામાં માળા અને તગતગતી આંખો.
રોબર્ટસન તો જોતા જ રહી ગયા.
રોબર્ટસન મનમાં મરક મરક હસી રહ્યા.
પહેલો પ્રશ્ન પૂછ્યો: તમે બ્રાહ્મણ છો?
પાંડુરંગે કહ્યું: 'હાજી.'
રોબર્ટસને પૂછ્યું: તમે ખાંધ ઉપર જનોઇ

કેમ રાખો છો?
આ તો ચબરાક પાંડુરંગ.
તરત જ બોલ્યા કે હું તમારા પ્રશ્નનો જવાબ
પ્રશ્ન પૂછીને આપું કે સીધે સીધો આપું?
સાહેબ બોલ્યા: તમને જેમ ગમે તેમ.
પાંડુરંગે સાહેબને પૂછ્યું કે તમે આ કોલર ને
ટાઈ કેમ પહેર્યા છે?
"હું ખ્રિસ્તી છું એની મને આ કોલર-ટાઈ
યાદ અપાવે છે." સાહેબે કહ્યું.
"તો આ જનોઈ મને હું હિંદુ છું તેની યાદ
અપાવે છે."
પાંડુરંગે જવાબ આપ્યો.
તમે જનોઈ ન પહેરો તો હિંદુ તરીકે મટી
જશો? સાહેબે સામો પ્રશ્ન પૂછ્યો.
પાંડુરંગે ગભરાયા વગર પૂછ્યું કે તમે કોલર
અને ટાઈ ન પહેરો તો શું?
શું ખ્રિસ્તી તરીકે મટી જશો?
સાહેબ મૂંઝાયા. શું જવાબ આપવો?
રોબર્ટસન પણ હોશિયાર તો ખરા જ.

કહે: ના, ના, એવું તો કાંઇ નથી પણ આ કોલર-ટાઈ મને સાચા ખ્રિસ્તી બનીને જીવવાનું યાદ અપાવે છે.

અમારા ઈસુ યાદ રહે જેથી હું ખોટું ના કરું.

પાંડુરંગે કહ્યું: આ જનોઈ મને હું બ્રાહ્મણ છું તેની સતત યાદ અપાવે છે અને પવિત્ર જીવનજીવવાનું યાદ કરાવે છે.

રોબર્ટસનને તો સાંભળવાની મઝા પડી.

છોકરો કેવો હોશિયાર છે, કેવો ચબરાક છે, એમ પણ થયું.

રોબર્ટસને તો વાત લંબાવી.

બીજો પ્રશ્ન પૂછ્યો કે આમ મૂંડન કેમ કરાવો છો?

માથું એકદમ સફાચટ કેમ? અને આ થોડા વાળ (ચોટલી) કેમ છે?

પાંડુરંગ હસી પડ્યા.

હસતા હસતા બોલ્યા: જુઓ! સાહેબ! અમારો દેશ ગરીબ અને અમે પણ ગરીબ. અમને વારે ઘડી વાળ કપાવવાનો ખર્ચ ના પોષાય.

આ ખર્ચ તો વારે વારે કરવો પડે.
સાહેબ! મૂંડન તો એકદમ સસ્તામાં થઇ જાય. રોબર્ટસન તો પાંડુરંગની વાતો સાંભળ્યા જ કરે.
એને તો મઝા પડી ગઇ.
પણ આ મૂંડનથી લાભ શું? સાહેબે પૂછ્યું.
પાંડુરંગ કહે: સાહેબ! આમાં તો લાભ, લાભ ને લાભ જ છે.
મૂંડનથી માથું ઠંડુ રહે એ પહેલો ફાયદો.
માથું ઠંડુ રહે તેથી હંમેશાં સારા વિચારો આવે એ બીજો ફાયદો.
વાળ ઓળવાની ચિંતા નહિ એ ત્રીજો ફાયદો.
આવા તો ઘણા લાભ છે.
સાહેબ! સાચું કહું? તમે પણ મૂંડન કરાવીને ખાતરી કરી જુઓ.
સાહેબે મશ્કરી કરતાં પૂછ્યું કે: અને ફાયદો ન થાય તો?
પાંડુરંગ બોલ્યા: સાહેબ! એવું બને જ નહિને!

ફાયદો ના થાય તો મને નાપાસ કરજો, બસ!
રોબર્ટસન તો રાજી રાજી થઈ ગયા.
પાંડુરંગના જવાબથી ખુશ ખુશ થઈ ગયા.
કેવો ચબરાક છોકરો! કેવો હોશિયાર વિદ્યાર્થી!
કેવી સરસ રીતે વાતો કરી. દલીલ કરી.
રોબર્ટસને પાંડુરંગને ખૂબ સારા નંબરે પાસ કર્યા.
શાળાના આચાર્ય અને શિક્ષકો પણ ખુશ ખુશ થઈ ગયા.

## (૧૭)

## ≪ કોલેજીયન પાંડુરંગ ≫

આપણા પાંડુરંગે મેટ્રિકની પરીક્ષા પસાર કરી.

આ પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી.

હવે પાંડુરંગ કોલેજીયન બનવાના.

એમણે અમદાવાદની કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

ગોધરા છોડીને અમદાવાદ આવ્યા.

છ મહિના પૂરા થયા- એક સત્ર (Term) પૂ રું થયું.

સંજોગોને કારણે અમદાવાદ છોડવું પડ્યું.

વડોદરાની કોલેજમાં બીજા સત્રથી પ્રવેશ મેળવ્યો.

પાંડુરંગ ભણવામાં હોશિયાર.

કોલેજની પરીક્ષા આવી.

સારી તૈયારી કરી. તૈયારી સાથે પરીક્ષામાં બેઠા.

પાંડુરંગે પહેલા વર્ષ (First Year-F.Y.)ની પરીક્ષા પાસ કરી.

કોલેજમાં પહેલા વર્ષની પરીક્ષા કોલેજ પોતે લે.

હવે પાંડુરંગ ઈન્ટરમાં આવ્યાં.

ઈન્ટરની પરીક્ષા યુનિવર્સિટી લેતી હતી.

આ વર્ષ અઘરું વર્ષ ગણાય.

ચાર વર્ષનો કોર્સ.

બીજું વર્ષ અધવચ્ચે આવે તેથી ઈન્ટર કહેવાય.

ઈન્ટર એટલે મધ્યમાં, વચ્ચે.

●

## (૧૮)

## 《 મન હોય તો માળવે જવાય 》

પ્રથમ વર્ષની પરીક્ષા પાંડુરંગે પસાર કરી.

હવે આવ્યા ઈન્ટરમાં.

ઈન્ટરની આખરી પરીક્ષા યુનિવર્સિટી લે.

આ પરીક્ષા આપવા બધાએ અમદાવાદ જવું પડે.

પરીક્ષા નજીક આવી ત્યાં જ પાંડુરંગને માંદગી આવી.

માંદગી પણ મોટી. અશક્તિ ખૂબ.
વડોદરાના વૈદ્યની દવા કરે પણ માંદગી જાય નહિ.
પથારીમાં પડી રહે. કશું વાંચવાનું પણ ના ગમે.
વાંચવાની પણ શક્તિ જોઈએ ને?
વડોદરા છોડી મા પાસે ગોધરા આવ્યાં.
'મા' ખૂબ કાળજી રાખે.
નિયમિત દવા આપે.
માંદગી હટવાનું નામ ન લે.
પરીક્ષાની તૈયારી પણ શું કરે?
બધાએ કહ્યું : "પાંડુરંગ! પરીક્ષા ના આપીશ. પહેલા તબિયત સાચવ પછી પરીક્ષા."
'મા'એ પણ એમ જ કહ્યું.
નાપાસ થવાનું કલંક ચોંટે એના કરતાં વર્ષ ભલે બગડે.
એવામાં પાંડુરંગના એક મિત્ર આવ્યા.
આ મિત્ર બંગાળના અને સંન્યાસી.
જ્યોતિષવિદ્યા સારી જાણે.
એમણે પણ કુંડળી માંડી.

ગ્રહોની દશા જોઇ એણે પણ પરીક્ષા ન આપવા કહ્યું.
પણ આ તો પાંડુરંગ.
મનના મજબૂત અને મક્કમ.
થાય એટલી મહેનત કરી. દવા સાથે રાખી પરીક્ષા આપી.
પાંડુરંગને ગુરુમહારાજ ઉપર ભરોસો પાકો.
અપશુકનને ન ગણે અને ન ગાંઠે.
અમદાવાદ જઇ પરીક્ષા આપી.
પોતાનામાં તો લખવાની શક્તિ ન હતી.
લખનારની સેવા લીધી અને બીજા વર્ગમાં પાસ પણ થયા.
મન હોય તો માળવે જવાય તે આનું નામ!
Where there is a will, there is a way.

●

## (૧૯)

## ≪ વિશ્વાસે ચાલે વહાણ ≫

પાંડુરંગ ઈન્ટરમાં પાસ થયા.

અને તે પણ બીજા વર્ગમાં.

મન હોય તો માળવે જવાય.

**Where there is a will, there is a way.**

પાંડુરંગ જુનિયર બી.એ.માં આવ્યા.

વડોદરાની કોલેજની પહેલા ટર્મની ફી ભરવાની આવી.

દોઢસો રૂપિયાની ફી.

આર્થિક સ્થિતિ નબળી. પાસે બચત નહીં.

કોઈ પાસે હાથ લાંબો પણ ના કરે.

કેટલાક મિત્રોએ સલાહ આપી કે ફ્રીશિપ માટે અરજી કરો.

કોઈકે કહ્યું કે મદદ માગો.

પણ પાંડુરંગ માગે શાના?

એને તો ગુરુમહારાજ પર વિશ્વાસ.

પાંડુરંગ તો એક જ વાત કરે.

ભગવાનની ઈચ્છા હશે તો વ્યવસ્થા થશે.

વ્યવસ્થા ન થાય તો ભગવાનની ઈચ્છા આગળ ભણાવવાની નથી.

તો નહિ ભણીએ.

આવતી કાલ એ ફી ભરવાનો છેલ્લો દિવસ.

ફી ના ભરો તો? તો ભણવાનું બંધ.

પાંડુરંગ તો ભગવાનના ભરોસે બેઠા.

ગુરુમહારાજમાં પૂરો વિશ્વાસ.

ત્યાં કોઈ ભાઈ પૂછવા લાગ્યા:

'પી.વી.વળામે કયાં રહે છે?'

મિત્રો પાંડુરંગ વળામે પાસે એ ભાઈને લઈ ગયા.

આવનારે ઓળખાણ આપી.

હું ગોધરા રહું છું. હું સરપોતદારનો દીકરો છું.

મારા પિતા મરણપથારીએ હતા ત્યારે મેં એમને વચન આપેલું.

એમણે તમારા માતાજી પાસેથી રૂ.૩૦૦ ઉછીના લીધા હતા.

મારા પિતાની આખરી ઈચ્છા આ રકમ પરત કરવાની હતી.

અત્યારે આ દોઢસો રૂપિયા રાખો.
બાકીના રૂપિયા અનુકૂળતાએ જરૂરથી આપીશ.
તમારો ખૂબ ખૂબ આભાર.
પૈસા આપી, આભાર માની આવનાર જતો રહ્યો. મિત્રો આશ્ચર્યમાં ડૂબી ગયા.
પાંડુરંગને તો પૂરો વિશ્વાસ હતો.
તે વિશ્વાસે વહાણ ચાલ્યું.
ફી ભરાઇ ગઇ- પ્રવેશ મળી ગયો.
શ્રદ્ધા અને વિશ્વાસ જીવનને જીવવા જેવું બનાવે છે.
જે ગુરુને સંભારે તેને ગુરુ સંભાળે.

●

## (૨૦)

## 《 સત્તા સામે શાણપણ 》

પાંડુરંગ વડોદરાની કોલેજમાં ભણે.
ભણતા જાય અને સાધના પણ કરતા જાય.
પરંતુ કોઈને ખબર ના પડે એમ સાધના કરે.
જીંદગી ખૂલ્લી કરો, બંદગી ગુપ્ત રાખો.
મન મજબૂત અને મક્કમ.
ખોટું કરે નહિ અને ખોટું સહે નહિ.
એક વખતની વાત છે.
કોલેજના મેદાન પર વિદ્યાર્થીઓ ક્રિકેટ રમે.
એમની રમત કોઈને હેરાન કરતી ન હતી.
એ ભલા ને એમની રમત ભલી.
ત્યાં શું બન્યું?
લશ્કરનો હાકેમ ત્યાંથી નીકળ્યો.
એના હાથમાં મોટી સોટી.
પોતે હાકેમ છે એનું ભારે અભિમાન.
હાથમાંની મોટી સોટી વીંઝતો વીંઝતો નીકળ્યો.

ક્રિકેટ રમતા બે-ત્રણ વિદ્યાર્થીને સોટી જોરથી વાગી.
વિદ્યાર્થીએ બૂમ પાડી: "બંધ કરો વીંઝવાનું. અમને સોટી વાગે છે- અમને પીડા થાય છે."
આ તો હાકેમ. મારી સામે બોલનાર કોણ?
આજકાલના છોકરાની આ હિંમત!
એણે તો સટોસટ સોટી મારવા માંડી.
રાડ પડાવી દીધી.
હાહાકાર મચી ગયો. છોકરાનું ટોળું ઉપડ્યું.
અધ્યાપક પાસે જઈ ફરિયાદ કરી.
પણ આ તો હાકેમ! સત્તાધીશ!
એની સામે થવાની કોની હિંમત?
હવે શું? અધ્યાપક પાણીમાં બેસી ગયા.
વિદ્યાર્થીને પાંડુરંગ યાદ આવ્યા.
ટોળું ઉપડ્યું પાંડુરંગ પાસે.
પાંડુરંગને બધી વાત કરી.
પાંડુરંગ બોલ્યા કે હાકેમ હોય કે કલેક્ટર હોય.
આવો જુલમ તો ચલાવી જ ના લેવાય.
જુલમ સામે નમ્રતા ખરી પણ મક્કમતાભરી નમ્રતા.

હાકેમને પાઠ ભણાવવા ચાલો હડતાલ પાડો.
પાંડુરંગે કહ્યું: "આવતીકાલ, પડે હડતાલ."
પછી કહ્યું કે હડતાલ ખરી પણ તોફાન નહિ.
ભાંગફોડ નહિ. મારામારી નહિ.
રાતોરાત ભીંત પર સૂત્રો લખાયા.
ઠેર ઠેર હડતાલની જ વાત.
પ્રિન્સિપાલને ખબર પડી.
વિદ્યાર્થીને બોલાવ્યા.
પાંડુરંગે સત્તાની જોહુકમીની વાત સમજાવી.
પ્રિન્સિપાલને વિદ્યાર્થીની શાંત હડતાલ ગમી.
હાકેમ પાસે લેખિત માફી મંગાવી.
આ માફીપત્ર પાટિયા ઉપર ચોંટાડ્યો.
સત્તા સામે શાણપણનો વિજય થયો.
અન્યાય સામે ન્યાયનો ઝંડો ફરકયો.
આવા હતા પાંડુરંગ: ખોટું કરવું નહિ, ખોટું સહેવું નહિ.

●

## (૨૧)

## ≪ રાષ્ટ્રીય સ્વાહા ≫

ત્યાગ અને બલિદાન, ભારત દેશની શાન.
પાંડુરંગ વડોદરામાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે.
આ છેલ્લી પરીક્ષા પસાર કરે એટલે સ્નાતક.
સ્નાતક (Graduate) થાય અને ઉપાધિ (Degree) મળે એટલે પછી નોકરી.
પણ માણસ ધારે કંઈ, ભગવાન કરે કંઈ.
(Man supposes, God disposes.)
હિંદ પરતંત્ર હતું.
સ્વતંત્ર થવાનો યજ્ઞ ચાલતો હતો.
પૂ.ગાંધીજીએ આ યજ્ઞમાં આહૂતિ આપવાનું એલાન કર્યું :
'વકીલો વકીલાત છોડે.
વિદ્યાર્થીઓ શાળા-કોલેજ છોડે.'
એલાનનો અનુકૂળ પડઘો પડ્યો.
દેશદાઝથી ભરેલા હૈયાવાળા પાંડુરંગે વિચાર કર્યો : દેશ માટે બધું ત્યાગવું રહ્યું.

કોલેજનું શિક્ષણ છોડ્યું.
વડોદરા છોડ્યું અને પહોંચી ગયા ગોધરા.
પંચમહાલના ગામોગામ ખૂંદી વળ્યાં.
રાષ્ટ્રની સ્વતંત્રતાના સેનાની. રાષ્ટ્રના સ્વમાનના પ્રહરી.
**રાષ્ટ્રાય સ્વાહાનો મંત્ર** મળી ગયો.

●

## (૨૨)

## ખુમારીભર્યો પ્રત્યુત્તર (સ્વયં અભિષિક્ત)

આપણા પાંડુરંગ વડોદરામાં ભણતા હતા ત્યારની વાત છે.
ગાંધીજી અમદાવાદમાં રહે.
ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી.
જુદા જુદા શહેરમાંથી વિદ્યાર્થીઓના પ્રતિનિધિ વિદ્યાપીઠમાં આવેલા.
આપણા પાંડુરંગ વડોદરાના વિદ્યાર્થીના પ્રતિનિધિ તરીકે આવ્યા હતા.
એક દિવસની વાત છે.

પૂ.ગાંધીજી સાથે પાંડુરંગની મુલાકાત થઇ.
આ પહેલી જ મુલાકાત.
પૂ.ગાંધીજીએ પૂછ્યું : આપનું નામ.
'પી.વી.વળામે.' પાંડુરંગે જવાબ આપ્યો.
ક્યાંથી આવો છો? ગાંધીજીએ પૂછ્યું.
વડોદરાથી. વડોદરાના વિદ્યાર્થીનો પ્રતિનિધિ છું.
પાંડુરંગે જવાબ આપ્યો.
તમે વડોદરાના વિદ્યાર્થીઓના પ્રતિનિધિ છો
એની શી સાબિતિ?
હું કેમ માની લઉં? ગાંધીજીએ મજાક કરી.
આ તો પાંડુરંગ.
હાજર જવાબી અને તર્કબદ્ધ જવાબ
આપનાર.
પાછા વિનય-વિવેક ચૂકે નહિ એટલે સામી
વ્યક્તિ પ્રભાવિત થઇ જાય.
પાંડુરંગે જવાબ આપ્યો: 'બાપુ! તમારી શંકા
બરાબર નથી.
જ્યાં સુધી કોઇ એવી ફરિયાદ ન કરે કે પાંડુરંગ
વડોદરાના વિદ્યાર્થીઓનો પ્રતિનિધિ નથી

ત્યાં સુધી શંકાનો કોઈ અર્થ ખરો?
અને બાપુ! સિંહને જંગલનો રાજા કોણ બનાવે છે?
એનો રાજા તરીકે અભિષેક કોણ કરે છે?
એ તો સ્વયં અભિષિક્ત હોય છે.
કોઈ રાજા બનાવે અને બને તે સિંહ નહીં.
સ્વયં સિદ્ધને સિદ્ધ કરવાની શી જરૂર?

●

## (૨૩)

## 《 વિદ્યાપીઠના વિદ્યાર્થી 》

પૂ.ગાંધી બાપુએ હાકલ કરી : કોલેજ છોડો.
આ તો પાંડુરંગ.
દેશભક્તિના રંગે રંગાયેલા પાંડુરંગ.
કોલેજ છોડી દીધી. ગોધરા પહોંચી ગયાં.
પંચમહાલના ગામડે ગામડે ફરવા માંડ્યું.
ગાંધીજીનો સંદેશો પહોંચાડવા માંડ્યો.
શિક્ષણ વગર સ્વતંત્રતા ક્યાંથી આવે?

પૂ.ગાંધીજીએ અમદાવાદમાં શિક્ષણસંસ્થા શરૂ કરી.

નામ રાખ્યું : ગુજરાત વિદ્યાપીઠ.

દેશનો વિચાર કરે એવી વિદ્યાપીઠ.

પોતાનો નહિ પણ બધાનો- 'સ્વ'નો નહિ પણ 'સર્વ'નો- વિચાર કરો.

દેશનું ગૌરવ વધારો- સ્વાભિમાની બનો.

ગુજરાત વિદ્યાપીઠમાં સારા સારા વિદ્યાર્થીઓ દાખલ થવા લાગ્યા.

એમાંના એક તે આપણા પાંડુરંગ.

વિદ્યાપીઠના વિદ્યાર્થી બન્યા.

પૂ.ગાંધીજીના સહવાસી બન્યા.

સ્વરાજ આશ્રમમાં રહે.

વિદ્યાપીઠમાં ભણે અને દેશની સ્વતંત્રતાની પ્રવૃત્તિ કરે.

સ્વરાજ આશ્રમની રૂમમાં બીજા બે સહાધ્યાયી.

એક ગોધરાના અંબાલાલ વ્યાસ.

બીજા નડિયાદના અમૃતલાલ મોદી.

ત્રણે સાથે રહે. સ્વાશ્રયી જીવન જીવે.

જાતે રાંધે, વાસણ માંજે- કપડાં ધૂએ.
બધું કામ જાતે કરે.
આ બંને મિત્રો છેવટ સુધી સાથે રહ્યા.
આ અમૃતલાલ મોદી તે જ આપણા મોદીકાકા. પછી 'તપસી' તરીકે પણ ઓળખાયા.

•

## (૨૪)

## ≪ ખમીરવંત ખાદીધારી તાલીમાર્થી ≫

ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી પાંડુરંગ.
બુનિયાદી તાલીમ લેતા તાલીમાર્થી.
સ્વરાજય આશ્રમમાં રહે.
સ્વાશ્રયી અને સાત્ત્વિક જીવન જીવે.
સાત્ત્વિક ભોજન- ખાદીના વસ્ત્ર.
ખાદી પણ જાતે કાંતેલા સૂતરની.
સાદું જીવન અને ઊંચા વિચાર.
**Simple living- High thinking.**

એવામાં વિદ્યાર્થીને સહવાસ મળે એટલા માટે ગાંધીજી વિદ્યાપીઠ રહેવા આવ્યા.
પૂ.ગાંધીજીને આ પહેલા પાંડુરંગ એક વાર મળી ચૂકેલા.
ગાંધીજી ખૂબ પ્રભાવિત થયેલા.
પૂ.ગાંધીજી પાંડુરંગની હોશિયારી, શિસ્ત, ધગશ, કાર્યક્ષમતા, સત્યનિષ્ઠા જોઈને બોલ્યા કે મને પાંડુરંગ જેવા એક સો સત્યાગ્રહી મળે તો સ્વતંત્રતા તો જોતજોતામાં લાવી દઉં.
પૂ.ગાંધીજીને પાંડુરંગની ખુમારી માટે ગર્વ હતો.
ખમીરવંતા પાંડુરંગથી પૂ.ગાંધીજી ખુશ હતા.

●

## (૨૫)

## 《 સંસ્કૃતપ્રેમી અને સંસ્કૃતિપ્રેમી પાંડુરંગ 》

આપણા પાંડુરંગ કેવા?

દેવભક્ત અને દેશભક્ત.

સંસ્કૃતપ્રેમી અને સંસ્કૃતિપ્રેમી.

શાળામાં ભણતા હતાં ત્યારથી સંસ્કૃત બહુ પ્રિય લાગે.

જાતે સંવાદના શ્લોકો રચે એવી શક્તિ.

આ શક્તિ કોલેજના શિક્ષણ દરમ્યાન વધુ મજબૂત બની.

થોડું એનું અભિમાન પણ હશે.

સંસ્કૃત પર કાબૂ અને સાધનાપથના પ્રવાસી એટલે સંતોને સામેથી મળે.

વડોદરામાં એક ગૃહસ્થ સંત રહે.

બધા એને 'ભગવાન'ના નામે ઓળખે.

ભગવાને પાંડુરંગનો સંસ્કૃત પરનો કાબૂ જોયો.

એક વાર પૂછ્યું કે પ્રાકૃત ભાષાના કોઈ ગ્રંથો વાંચ્યા છે કે?

પ્રાકૃત ભાષા એટલે જે તે પ્રદેશની ભાષા.
ગુજરાતમાં ગુજરાતી, મહારાષ્ટ્રમાં મરાઠી.
પાંડુરંગે કહ્યું કે મૂળને છોડીને ડાળાં-પાંદડાંને
કોણ પકડે?
જેને સંસ્કૃત ન આવડતું હોય તે પ્રાકૃત
ગ્રંથો વાંચે.
સંસ્કૃત જાણનાર તો સંસ્કૃત છોડીને
આવામાં પડે જ શાનો?
ભગવાને ધીમેથી ટકોર કરતાં કહ્યું કે : તમારી
વાત સાચી છે. પરંતુ
હું સંસ્કૃત જાણું છું અને મહાન પંડિત છું
એવું અભિમાન મનમાં ન રહે એ માટે પણ
પ્રાકૃત ગ્રંથો વાંચવા જોઇએ.
ભગવાનની વાત પાંડુરંગના ગળે ઉતરી ગઇ.
પાંચ વર્ષ સુધી પાંડુરંગ ન સંસ્કૃતમાં બોલ્યા
કે ન એમણે સંસ્કૃત ગ્રંથો વાંચ્યા.

●

# ગુરુવંદના

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર દેવ,
પરબ્રહ્મ શ્રીગુરુ નકી, જાણી કરવી સેવ.

ગુરુ માતા, ગુરુ છે પિતા, ગુરુ ત્રિમૂર્તિ સ્વરૂપ,
નિશ્ચય એનો એહવો, દીપક શિષ્ય અનુપ.

જ્ઞાન, ધર્મ, યશ, સંપદા, સર્વે ગુરુપદમાંહ્ય,
એવા નિશ્ચયથી ભજો એ ગુરુચરણ સદાય.

ગુરુ સ્મરણ કરે સદા, પૂજ્ય થાય નર તેહ,
ગુરુનામામૃતપાનથી જાય મરણ સંદેહ.

જે કો શ્રીગુરુને ભજે, વરે સકલ સંપદ,
પાય પડે સિદ્ધિ સહુ, ન રહે નામ વિપદ.

સદ્‌ગુરુ આશીર્વાદ જે વૃથા કેમ તે થાય ?
નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય.

મંત્ર, તીર્થ, દ્વિજ દેવ ને ગણક, વૈદ્ય, ગુરુમાંહ્ય,
જેવી જેની ભાવના સિદ્ધિ તેવી થાય.

ગુરુ સેવા પદ્ધતિ લહે તે જાણે સહુ વેદ,
મંત્ર, તંત્ર, કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ.

શ્રીગુરુલીલામૃતમાંથી

# માત-પિતાની વંદના

- એક ઘડી સ્તનપાનનું વળે ન ઋણ પણ જ્યાંય,
  કેમ માતૃઋણથી અહીં થાય મુક્ત સુત ત્યાંય?
- ના પર દૈવત માતથી! વળે માતૃઋણ કેમ?
  માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશીવ તેમ!!
- કરી પ્રથમ પ્રદક્ષિણા કરે પછી વંદન,
  માત-પિતૃ-ગુરુ સંનિધે જઈ નમે તત્ક્ષણ.
- જેમ ઈંદિરા ને હરિ તેવાં 'મા' ને 'બાપ',
  માની અહર્નિશ તેમને ભજે એહ નિસ્તાપ.
- સેવાથી મા-બાપની અધિક પુણ્ય ના ક્યાંય,
  કોટિ યજ્ઞયાગાદિનું પુણ્ય ન ગણત્રીમાંહ્ય.
- સેવા આગળ એમની પ્રદક્ષિણા ત્રણ જાણ-
  પૃથ્વીની, ને કાશીની બે લખ ભાવે માન.
- ભાવે સેવા તાતની કરતાં થાએ જ્ઞાન,
  આવી સંમુખ શ્રીહરિ રહે ખડો તું જાણ.
- માત-પિતા પ્રત્યક્ષ છે દેવ ભૂતલે આંહ્ય,
  વેદશાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય.

પ.પૂ. શ્રીરંગ અવધૂત મહારાજ
(શ્રીગુરુલીલામૃતમાંથી.)